GJAM070000392026

सत्यमेव जयते

દાખલ કર્યાની તારીખ :- ૧૭/૦૨/૨૦૨૬
રજીસ્ટર કર્યાની તારીખ :- ૧૭/૦૨/૨૦૨૬
ફેંસલ કર્યાની તારીખ :- ૦૧/૦૮/૨૦૨૬
સમય ગાળો :- વર્ષ-માસ-દિવસ
૦૦-૦૫- ૧૫

**મહે. વડીયાના જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ (ઓ.બી.ગોહીલ) સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.વડીયા-જિ.અમરેલી**

**ફોજદારી કેસ નં.૧૧/૨૦૨૬**
**આંક:- ૨૨**

**ફરીયાદી :-** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :-** (૧) અક્ષયભાઈ જાનીભાઈ સાઢમીયા,
ઉ.વ.૨૫, ધંધો-ડ્રાઈવીંગ,
રહે.ગામ-આટકોટ,તા. જસદણ, જિ.રાજકોટ,
(૨) રણજીતભાઈ કાંતીભાઈ વાઘેલા,
ઉ.વ.૨૫, ધંધો-મજુરી,
રહે.નવા ઉજળા,તા.વડીયા, જિ.અમરેલી,
(૩) સુનીલભાઈ ગોપાલભાઈ વાઘેલા,
ઉ.વ.૨૭, ધંધો-મજુરી,
રહે.સનાળી ,તા.વડીયા, જિ.અમરેલી,
(૪) મહમદ હુસેનભાઈ હબીબભાઈ કટારીયા,
ઉ.વ.૩૧, ધંધો-માલ-ઢોર લે-વેચનો,
રહે.જસદણ,તા.જસદણ, જિ.રાજકોટ.

---

**ગુનો:-બી.એન.એસ. કલમ-૩૦૩(૨), ૫૪ મુજબ.**
**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ડો.બી.એમ.પટેલ**
**આરોપી નંબર- ૧ થી ૩ તરફે વિ.વ.શ્રી કે.પી.સેજુ**
**આરોપી નંબર-૪ તરફે વિ.વ.શ્રી એમ.એન.રાઠોડ**

---

<u>*::ઠરાવ::*</u>

**(૧)** સદર કેસની ટૂંકી વિગત એ મુજબ છે કે**,** આરોપી નંબર ૧ થી ૩ નાાઓએ તારીખ ૨૧/૧૨/૨૦૨૫ ના રોજ રાત્રીના આશરે પોણા અગીયારેક વાગ્યાથી તારીખ ૨૨/૧૨/૨૦૨૫ ના કલાક રાત્રીના સવા બારેક વાગ્યા દરમ્યાન સનાળા ગામે ફરીયાદીના ફરજામાં બાંધેલ આશરે દોઢેક વર્ષની ભેંસ જેની કી.રૂા. ૨૦,૦૦૦/– ની ફરજામાં ખીલે બાંધેલ હતી તેને સાંકળ સાથે છોડી ચોરી કરી લઈ જઈ આરોપી નં. (૪) નાઓને આપી આરોપી નં.(૪) નાએ ચોરી કરેલ પાડરૂ (પાડો) રાખી એકબીજાએ મદદગારી કરી બી.એન.એસ. કલમ–૩૦૩(૨)**,**૫૪ મુજબનો ગુનો નોધેલ.

સદર ગુનાની તપાસ વડીયા પો.સ્ટે. ના ત.ક.અમલદારનાઓને સોપાતા તેમણે તપાસ કરી સદર કામના આરોપીઓ સામોના પુરાવાઓ એકઠા કરી તા. ૧૭/૦૨/૨૦૨૬ ના રોજ નામદાર કોર્ટમાં આક્ષેપીત ગુનાનું ચાજર્સીટ રજુ કરેલ.

**(૨)** આ કામના આરોપીઓ હાજર થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. અને તે મળી ગયાની ખાતરી કરી **આંક–૧૫** થી આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવી **આંક–૧૬** થી **આંક–૧૯** આરોપીઓની પ્લી નોધવામાં આવેલ છે. તેમાં તેઓને તહોમતનામાની વિગતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા તેઓએ ગુનો કબુલ નહી હોવાનુ જણાવતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવા કામ મુલતવી રાખવામાં આવેલ છે.

(૩) ઈન્સાફી કાર્યવાહી માટે ફરીયાદીને સમન્સ કાઢતા ફરીયાદી કોર્ટમાં હાજર થયેલ અને તેઓને સમાધાન કરવુ હોય તેઓએ મુદત માંગતા મુદત આપવામાં આવેલ ત્યારબાદ તારીખ ૦૧/૦૮/૨૦૨૬ ના રોજ ફરીયાદી તરફે આંક–૨૧ થી બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૩૫૯ (૧) મુજબની સમાધાન પુરસીસ રજુ કરેલ.

(૪) ત્યારબાદ આંક–૨૧ ની પુરસીસ ધ્યાને લેવામાં આવે તો બી.એન.એસ.એસ.–૨૦૨૩

ની કલમ–૩૫૯ મુજબની ફરીયાદી તરફે સમાધાન પુરસીસ આપવામાં આવેલ છે. જે સમાધાન પુરસીસ ધ્યાને લેતા તેમા જણાવેલ તમામ આરોપો ફરીયાદી/ચોરી થયેલ વસ્તુના માલીક સમાધાન કરી શકે તેવા પ્રકારના છે જેથી ફરીયાદીની સમાધાન પુરસીસ ધ્યાને લઈ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**(૧)** આ કામના આરોપીઓ (૧) અક્ષયભાઈ જાનીભાઈ સાઢમીયા, (૨) રણજીતભાઈ કાંતીભાઈ વાઘેલા, (૩) સુનીલભાઈ ગોપાલભાઈ વાઘેલા, (૪) મહમદ હુસેનભાઈ હબીબભાઈ કટારીયાનાઓને ભારીતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૭૧ (૧)અન્વયે તેમની સામેનાં બી.એન.એસ.કલમ–૩૦૩(૨), ૫૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવવામાં આવે છે.

**(૨)** મુદામાલ અંગે કરવામાં આવેલ વચ્ચગાળાાનો હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજ તારીખ ૦૧ લી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ રેગ્યુલર લોકઅદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૧/૦૮/૨૦૨૬
સ્થળ: વડીયા

(ઓમદેવસિંહ બી.ગોહિલ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ,વડીયા
જજ કોડ– જીજે ૦૧૭૧૭